# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-05-2025 Day: Sundy Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સરહદી વિસ્તારોમાં સ્થિતિ સામાન્ય

**પાકિસ્તાન દ્વારા ગઈ કાલે મોડી સાંજે સરહદી વિસ્તારોમાં ભારે ગોળીબાર બાદ આજે જમ્મુ કાશ્મીર, પંજાબ, ગુજરાત અને રાજસ્થાનનાં સરહદી વિસ્તારોમાં સ્થિતિ સામાન્ય છે. જમ્મુ, અખનુર, પઠાણકોટ, અમૃતસર, ફિરોઝપુર, જેસલમેરમાં હાલ શાંતિનું વાતાવરણ છે. શનિવાર અને રવિવારની વચ્ચેની રાત્રે કોઈ ડ્રોન, ગોળીબાર કે તોપમારો થયો હોવાના અહેવાલ નથી.**

**દરમિયાન, ગઈ કાલે પાકિસ્તાને યુધ્ધ વિરામનો ભંગ કરીને સરહદી વિસ્તારમાં કરેલા હૂમલાનો ભારતના સશસ્ત્ર દળોએ પૂરતો અને યોગ્ય જવાબ આપ્યો હતો. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું કે, સશસ્ત્ર દળો પરિસ્થિતિ પર કડક નજર રાખી રહ્યા છે. તેમણે કહ્યું કે, સશસ્ત્રદળોને આંતરરાષ્ટ્રીય સરહદ તેમજ નિયંત્રણ રેખા પર ઉલ્લંઘનના પુનરાવર્તનની કોઈપણ ઘટના સાથે કડક કાર્યવાહી કરવાની સૂચનાઓ આપવામાં આવી છે..**

**-----------------------------------------------------------------------------------**

## પ્રધાનમંત્રી : ઉચ્ચ બેઠક

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં સંરક્ષણમંત્રી રાજનાથ સિંઘ, વિદેશ મંત્રી ડૉ.એસ.જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, સંરક્ષણ વડા જનરલ અનિલ ચૌહાણ, સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે.ત્રિપાઠી, વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ હાજર રહ્યા હતા.**

**-----------------------------------------------------------------------------------**

## આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી

ગઈકાલે રાત્રે હવાઈ ક્ષેત્રના ઉલ્લંઘન અને સંઘર્ષવિરામ બાદ આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પશ્ચિમી સરહદોના આર્મી કમાન્ડરો સાથે સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સેનાએ જણાવ્યું કે ગઈકાલે ભારત-પાકિસ્તાનના લશ્કરી કામગીરીના મહાનિર્દેશકો વચ્ચેની વાતચીત બાદ થયેલી સર્વસંમતિના કોઈપણ ઉલ્લંઘનના કિસ્સામાં સેના પ્રમુખે સેનાના કમાન્ડરોને જવાબી કાર્યવાહી કરવાની સંપૂર્ણ સત્તા આપી છે.

---------------------------------------------------------------------------------

## સંરક્ષણ પ્રધાન: બ્રહ્મોસ

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું છે કે ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી કાર્યવાહી નથી પરંતુ તે ભારતની રાજકીય, સામાજિક અને વ્યૂહાત્મક ઇચ્છાશક્તિનું પ્રતીક છે. લખનૌમાં બ્રહ્મોસ એરોસ્પેસ ઇન્ટિગ્રેશન અને ટેસ્ટિંગ ફેસિલિટીનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યા પછી સંરક્ષણ મંત્રીએ આ પ્રમાણે કહ્યું. બ્રહ્મોસનો ઉલ્લેખ કરતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે તે ભારત અને રશિયાની સંયુક્ત ઉચ્ચતમ સંરક્ષણ ટેકનોલોજીનું પરિણામ છે.

---------------------------------------------------------------------------------

## ચોમાસુ આગમન

હવામાન વિભાગે આ વર્ષે ચોમાસું સામાન્ય તારીખથી પાંચ દિવસ પહેલાં એટલે કે 27 મેના રોજ કેરળ પહોંચવાની આગાહી કરી છે. ચોમાસાના વહેલા આગમનથી ખરીફ વાવણી અને ઉત્પાદન સારું રહેવાની ધારણા છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, આ વર્ષે ચોમાસું સામાન્ય કરતાં 105 ટકા વધુ રહેશે. આ સતત બીજું વર્ષ છે જ્યારે વિભાગે સામાન્ય કરતાં વધુ ચોમાસાની આગાહી કરી છે.

---------------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદ

આજે દિવસભર અસહ્ય ઉકળાટ બાદ સાંજે 5 વાગ્યાની આસપાસ જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને કેટલાક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ભુજ, અંજાર, મુન્દ્રા તાલુકામાં અત્યારે વરસાદના અહેવાલ મળી રહ્યા છે. ભુજપુર, નાની તુબડી, મોટી તુંબડી, લોડાઇ, ત્રગડી, ખેડોઇ, મમુઆરા, નાડાપા, રતનાલ, નિરોણા, ચપરેડી, નાની ખાખર, આંબાપર, બિદડા, વડવારા, મોટા કાંડાગરા, સામત્રા, કાળી તલાવડી, કેરા સહિતના ગામોમાં  પવન સાથે વરસાદ પડ્યો હતો. આ ગામોમાં ક્યાંક અમી છાંટણા તો ક્યાં ભારે વરસાદ પડતા માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા. વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. હવામાન વિભાગ દ્વારા આગામી 13 મે સુધી રાજ્યમાં કમોસમી વરસાદ પડવાની આગાહી કરાઇ છે.

---------------------------------------------------------------------------------------------

## આકાશવાણી : એફએમ પ્રસારણ

આકાશવાણી ભુજનું પ્રસારણ F.M પર શરૂ થયુ છે. F.M ફ્રિક્વન્સી 103.07 મેગા હર્ટ્ઝ પર આકાશવાણી ભુજનું પ્રસારણ હાલની તકે શરૂ કરાયુ છે.ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ બાબુલાલ મીણાના માર્ગદર્શનથી અને સ્ટેશનના વડા જયેશ રાવલના સતત પ્રયાસોથી શરુ થયેલ આ FM સેવા માટે ટેકનીકલ સ્ટાફ પ્રણવ ગોર, વિમલ ઉપાધ્યાય, વગેરેએ જહેમત ઉઠાવી હતી. પ્રવર્તમાન પરિસ્થિતિમાં FM સેવા શરુ થતા સમગ્ર આકાશવાણી પરિવાર અને શ્રોતાઓમાં આનંદની લાગણી છવાઈ છે.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય : પુર્વ આરોગ્ય મંત્રી નિધન

રાજ્ય નાં પૂર્વ આરોગ્ય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીનાં વરિષ્ઠ અગ્રણી હેમા  બહેન આચાર્યનું આજે અવસાન થયું છે તેઓ જનસંઘ નાં સંસ્થાપકો પૈકીનાં એક હતા સામાજિક

**રાજકીય ક્ષેત્રે મહત્વ નું પ્રદાન કર્યું હતું 1968 માં કચ્છ સત્યાગ્રહ માં તેમણે મહત્વ ની ભૂમિકા ભજવી હતી.**

**--------------------------------------------------------------------------------------**

## કચ્છમા સ્થિતિ સામાન્ય

**ઓપરેશન સિંદુરના અન્વયે ત્રણ દિવસથી કચ્છમાં બ્લેક આઉટ કરવામાં આવી રહ્યો હતો. દરમિયાન બન્ને દેશો વચ્ચે સંઘર્ષ વિરામ થતા કચ્છમાં જનજીવન પૂર્વવત થયું છે. જિલ્લામથક ભુજમાં શાંતિપૂર્ણ માહોલ છે. તમામ બજારો સમયસર ખુલી હતી. ભુજના નાગરિકો પણ રોજીંદા ગામે લાગી ગયા હતા. દિવસ દરમિયાન માર્ગો પર લોકોની ચહલ પહલ પણ વધુ જોવા મળી હતી..**

**--------------------------------------------------------------------------------------**

## વિશ્વ માતૃત્વ દિવસ: અદાણી તબીબ

**વિશ્વ માતૃત્વ દિવસ નિમિત્તે અદાણી સંચાલિત ગેઇમ્સ જી.કે. જનરલ હોસ્પિટલના સ્ત્રી રોગ વિભાગના તબીબોએ મહત્વપૂર્ણ માહિતી આપી હતી. ડો. પ્રફુલલ કોટક અને ડો. ચાર્મી પાવાણીએ જણાવ્યું કે આજે મોડા લગ્નનો ટ્રેન્ડ વધી રહ્યો છે. આ દરમિયાન નોર્મલ પ્રેગ્નન્સીની ઉમર વિતી જાય છે. પરિણામે પ્રેગ્નેન્સી મુશ્કેલ બને છે. ડોક્ટરોના જણાવ્યા મુજબ માતૃત્વ માટે 25થી 30 વર્ષની ઉંમર સૌથી યોગ્ય છે. આ ઉંમરે મહિલાઓ સ્વસ્થ હોય છે જેથી માતૃત્વ ધારણ કરી શકે છે અને ગર્ભપાતની શક્યતા પણ ઓછી રહે છે.**

**--------------------------------------------------------------------------------------**